# પ્રોપર્ટી ગીરવે મૂકીને મનોજ કુમારે 'ક્રાંતિ' મચાવી!

મુવિયાના

જ્યારે પણ દેશભક્તિ ફિલ્મોની વાત નીકળે, ત્યારે મનોજ કુમાર (આપણા દેશી 'ભારત કુમાર') અને તેમની ૧૯૮૧ની સુપર-ડુપર બ્લોકબસ્ટર ફિલ્મ 'ક્રાંતિ' નજર સામે તરવરી ઉઠે. સિનેમા હોલમાં વાગતું પેલું ગીત 'ચના જોર ગરમ બાબુ મૈં લાયા મજેદાર...' સાંભળીને આખું થિયેટર ધ્રૂજી ઉઠતું!

આ ફિલ્મ માત્ર પડદા પર જ ધમાકેદાર નહોતી, પણ તેના પડદા પાછળના કિસ્સાઓ તો કોઈ રોલરકોસ્ટર રાઈડ જેવા મજેદાર છે. ચાલો આજે આ ફિલ્મના એવા ૧૫ મજેદાર અને 'મસાલેદાર' સિક્રેટ્સ ખોલીએ, જે કદાચ તમે ક્યાંય નહીં સાંભળ્યા હોય!

આ ફિલ્મની સ્ક્રિપ્ટ ફેમસ જોડી સલીમ-જાવેદે લખી હતી. મનોજ એટલા બિઝી હતા કે તેમણે નક્કી કર્યું હતું કે પોતે માત્ર પ્રોડ્યુસ કરશે અને એક્ટિંગ કરશે, જ્યારે ડાયરેક્શન 'ડોન' ફિલ્મના ડિરેક્ટર ચંદ્ર બારોટ કરશે, પણ કિસ્મતને કંઈક બીજું જ મંજૂર હતું. ચંદ્ર બારોટ બીજી ફિલ્મમાં બિઝી થઈ ગયા અને છેવટે મનોજ કુમારે પોતે જ કમાન સંભાળી લીધી.

ફિલ્મમાં જે રોલ શશી કપૂર અને શત્રુઘ્ન સિન્હાએ કર્યા, તે પહેલા વિનોદ ખન્ના અને અમિતાભ બચ્ચનને ઓફર થયા હતા. વિનોદે તો હા પાડી દીધી હતી, પણ બરાબર એ જ સમયે તેમને ઓશો રજનીશનો 'આધ્યાત્મિક ઝટકો' લાગ્યો અને તેઓ બધું છોડીને આશ્રમ ભેગા થઈ ગયા! જ્યારે અમિતાભ તે સમયે એટલા મોટા સ્ટાર હતા કે તેમની પાસે ટાઈમ જ નહોતો.

ફિલ્મમાં નિરૂપા રોયે અદા કરેલો ધમાકેદાર માતાનો રોલ પહેલા વૈજંતીમાલાને આપવામાં આવ્યો હતો, પણ વૈજંતીમાલાએ સિનેમા જગતને બાય-બાય કહી દીધું હોવાથી ના પાડી દીધી. મજાની વાત એ છે કે આ પહેલા 'દીવાર' ફિલ્મમાં પણ વૈજંતીમાલાની 'ના' પછી જ એ રોલ નિરૂપા રોયને મળ્યો હતો. નિરૂપાજી માટે તો વૈજંતીમાલા જાણે લોટરી લાવ્યા!

આ કિસ્સો સાંભળીને તમે હસી પડશો. ફિલ્મનું શૂટિંગ ચાલતું હતું એ જ દિવસોમાં હેમા માલિની અને ધર્મેન્દ્રએ ગુપચુપ લગ્ન કરી લીધા. હવે લગ્નના બીજા જ દિવસે શૂટિંગમાં હેમાજીએ સીન પ્રમાણે સફેદ સાડી (વિધવાનો વેશ) પહેરવાની હતી! નવીનવેલી દુલ્હન આવું અશુભ કામ કેવી રીતે કરે? એટલે હેમાજીએ 'તબિયત બગડી છે' કહીને શૂટિંગ પર આવ્યા જ નહીં. બીજા દિવસે જ્યારે મનોજ કુમારને ખબર પડી, ત્યારે તેઓ ખડખડાટ હસ્યા અને ફોન કરીને નવદંપતીને બધાઈ આપી.

મનોજ બાળપણથી જ દિલીપ કુમારના એટલા મોટા ડાયહાર્ડ ફેન હતા કે દિલીપ સાહેબની ફિલ્મ 'શબનમ' (1948) જોઈને તેમણે પોતાનું અસલી નામ 'હરિકૃષ્ણ ગિરી ગોસ્વામી' બદલીને 'મનોજ કુમાર' રાખી લીધું હતું! ક્રાંતિ ફિલ્મમાં પોતાના આઈડોલને ડાયરેક્ટ કરીને મનોજ કુમારે પોતાનું લાઈફ-ટાઈમ સપનું પૂરું કર્યું હતું.

ક્રાંતિ ફિલ્મનું ફેમસ ગીત 'મારા ઠુમકા...' શૂટ થઈ રહ્યું હતું. આ ગીતમાં વધુ ગ્લેમરસ અને પાતળા દેખાવા માટે પરવીન બાબીએ કડક ડાયેટિંગ શરૂ કર્યું હતું. સેટ પર જ ચાલુ શૂટિંગે પરવીન બેભાન થઈ ગઈ હતી!

આ ફિલ્મ એટલી રોયલ હતી કે મનોજ કુમારે




**મનોજ કુમાર બાળપણથી જ દિલીપ કુમારના એટલા મોટા ડાયહાર્ડ ફેન હતા કે દિલીપ સાહેબની ફિલ્મ 'શબનમ' (1948) જોઈને તેમણે પોતાનું અસલી નામ 'હરિકૃષ્ણ ગિરી ગોસ્વામી' બદલીને 'મનોજ કુમાર' રાખી લીધું હતું!**

ફિલ્મ બનાવવા માટે પોતાની પ્રોપર્ટી અને ઘર બધું જ ગીરવે મૂકી દીધું હતું. બરાબર એ જ રીતે જેમ રાજ કપૂરે 'મેરા નામ જોકર' માટે કર્યું હતું, પણ નસીબે સાથ આપ્યો, રાજ કપૂર દેવામાં ડૂબી ગયા હતા જ્યારે મનોજ 'ક્રાંતિ' હિટ થતાં જ માલામાલ થઈ ગયા. ફિલ્મે કમાણીના તમામ રેકોર્ડ તોડી નાખ્યા હતા. માત્ર ૧.૫ કરોડના બજેટમાં બનેલી આ ફિલ્મે તે જમાનામાં ૧૦ કરોડ રૂપિયાની કમાણી કરી હતી! એ વર્ષે અમિતાભ બચ્ચનની 'નસીબ' પણ આવી હતી, પણ મનોજની આ દેશભક્તિની આંધી સામે બધાય ફિક્કા પડી ગયા.

ફિલ્મના આમ તો બધા જ ગીતો ફેમસ થયા પણ એક ગીત જે આજે પણ ચણા જોર ગરમ વેચવાવાળા ગાતા જોવા મળે છે. 'ચના જોર ગરમ...' ગીતનું રેકોર્ડિંગ થવાનું હતું, ત્યારે સ્ટુડિયોમાં મોહમ્મદ રફી, કિશોર કુમાર અને લતા મંગેશકર જેવા દિગ્ગજો બેઠા હતા. તેમની સામે નવા નિશાળિયા ગાયક નિતિન મુકેશ એટલા ગભરાઈ ગયા કે વારંવાર લિન્ક ભૂલી જતા હતા. તેમને લાગ્યું કે રફી સાહેબ ખીજાશે, પણ રફી સાહેબે પ્રેમથી તેમની પીઠ થાબડી અને હિંમત આપી હતી.

આપણે બધા ધર્મેન્દ્ર અને હેમા માલિનીની જોડીના ફેન છીએ, પણ એક ફેક્ટ એવો છે કે ધર્મેન્દ્ર પછી હેમા માલિનીએ સૌથી વધુ બ્લોકબસ્ટર ફિલ્મો મનોજ કુમાર સાથે આપી હતી. 'સન્યાસી' (1975), 'દસ નંબરી' (1976) અને 'ક્રાંતિ' (1981)–આ ત્રણેય ફિલ્મો સુપરહિટ રહી હતી.

ફિલ્મમાં અંગ્રેજોના ચમચા 'શેર સિંહ' નો રોલ બહુ નાનો હતો. મનોજ જ્યારે વિલન મદન પુરી પાસે ગયા ત્યારે તેમણે ઈમોશનલ કાર્ડ રમતા કહ્યું, 'જો આ રોલ તમે નહીં કરો, તો હું આ પાત્ર જ સ્ક્રિપ્ટમાંથી કાઢી નાખીશ, પણ બીજા કોઈને નહીં આપું.' મદન પુરી પીગળી ગયા અને તેમણે હા પાડી દીધી.

તમને જાણીને આંચકો લાગશે કે જ્યારે ક્રાંતિ ફિલ્મનું શૂટિંગ પૂરું થયું અને પહેલો કટ તૈયાર થયો, ત્યારે ફિલ્મની લંબાઈ પૂરા ૧૦ કલાકની હતી! જો એ જ રીતે રિલીઝ થઈ હોત તો દર્શકોએ થિયેટરમાં જ ગાદલા-તકિયા લઈને જવું પડત. પછી એડિટિંગ ટેબલ પર કાતર ચલાવીને તેને ૩ કલાક ૧૫ મિનિટની કરવામાં આવી. ફિલ્મ રિલીઝ થયા પછી એવી ચર્ચા જોરશોરથી ચાલી હતી કે મનોજ કુમારે શશી કપૂરના રોલથી ડરીને એડિટિંગમાં તેમના ઘણા સીન કાપી નાખ્યા હતા. જોકે, મનોજ કુમારે ચોખવટ કરી હતી કે તેઓ બંને પાકા મિત્રો છે અને ફિલ્મ બહુ લાંબી થતી હોવાથી સીન કાપવા પડ્યા હતા.

આટલી કમાણી કરવા છતાં આ ફિલ્મને એવોર્ડ્સના મામલે ભારે અન્યાય થયો. ક્રિટિક્સ કહેતા હતા કે આ તો હોલીવૂડની કોપી છે. ૧૯૮૨ના ફિલ્મફેર એવોર્ડ્સમાં ફિલ્મના ગીત 'જિંદગી કી ના ટૂટે લડી...' માટે માત્ર એક નોમિનેશન મળ્યું, જ્યારે તેની સામે આવેલી 'એક દુજે કે લિયે' ફિલ્મને ૧૩ નોમિનેશન્સ મળ્યા હતા!

ભલે ફિલ્મને કોઈ એવોર્ડ ન મળ્યો હોય, પણ આજે એટલા વર્ષ પછી પણ જ્યારે ટીવી પર 'ક્રાંતિ' ફિલ્મ આવે છે, ત્યારે લોકો રિમોટ મૂકીને ટીવી સામે ચોંટી જાય છે. આ જ તો છે મનોજ કુમારનો અસલી જાદુ છે! ●



# નુતન

## ગ્લેમર વિના પણ સિનેમા પર રાજ કરી શકાય!

એક્ટર્સ લાઇફ

ભારતીય સિનેમાના ઈતિહાસમાં એવી કેટલીક એક્ટર્સ થઈ ગઈ છે જેમણે પોતાની સુંદરતા, ગ્રેસ અને અભિનયના દમ પર ઈન્ડસ્ટ્રીમાં એક નવો માપદંડ સ્થાપિત કર્યો છે. આ યાદીમાં સૌથી મોટું નામ એટલે નૂતન. તેમણે પોતાની સહજ અદાકારીથી દર્શકોના દિલ પર દાયકાઓ સુધી રાજ કર્યું. 4 જૂન 1936ના રોજ એક મરાઠી પરિવારમાં જન્મેલા નૂતનને અભિનય વારસામાં મળ્યો હતો. તેમના પિતા કુમારસેન સમર્થ એક કવિ અને દિગ્દર્શક હતા, જ્યારે માતા શોભના સમર્થ એ જમાનાના ખૂબ જ જાણીતા એક્ટ્રેસ હતા. જોકે, બાળપણમાં જ તેમના માતા-પિતા અલગ થઈ ગયા હતા.

નૂતને તેમનું પ્રારંભિક શિક્ષણ બેંગલુરુની બોર્ડવન ગર્લ્સ હાઈસ્કૂલમાંથી મેળવ્યું હતું અને ત્યારબાદ ચાર વર્ષ સુધી જગન્નાથ પ્રસાદ પાસેથી ક્લાસિકલ મ્યુઝિકની તાલીમ પણ લીધી હતી. તેઓ પહેલીવાર બાળપણમાં જ કેમેરા સામે આવ્યા હતા, જ્યારે તેમણે પોતાના પિતાની ફિલ્મ 'નલ દમયંતી' (1945) માં નાનકડો રોલ કર્યો હતો. નૂતનને મુખ્ય એક્ટ્રેસ તરીકે સિલ્વર સ્ક્રીન પર લાવવા



**તે સમયે નૂતન ખૂબ જ પાતળા હતા અને તેમનો રંગ શામળો હતો, જેના કારણે ઘણા સંબંધીઓ અને બહારના લોકો તેમની શારીરિક રચનાની મજાક ઉડાવતા અને કહેતા કે તેઓ ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કંઇ નહીં કરી શકે**

માટે તેમની માતા શોભના સમર્થે વર્ષ 1950માં 'હમારી બેટી' નામની ફિલ્મ બનાવી, જેના પ્રોડ્યુસર અને ડિરેક્ટર તેઓ પોતે જ હતા.

શરૂઆતમાં ખુદ નૂતન અને લોકો પણ શંકાશીલ હતા કે નૂતન ફિલ્મોમાં ટકી શકશે કે નહીં.તે સમયે નૂતન ખૂબ જ પાતળા હતા અને તેમનો રંગ શામળો હતો, જેના કારણે ઘણા સંબંધીઓ અને બહારના લોકો તેમની શારીરિક રચનાની મજાક ઉડાવતા અને કહેતા કે તેઓ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં કંઈ નહીં કરી શકે. પરંતુ નૂતને આગળ જઈને આ બધી જ આશંકાઓને ખોટી સાબિત કરી દીધી.

વર્ષ 1951માં રવિન્દ્ર દવેની ફિલ્મ 'નગીના' રિલીઝ થઈ, જે નૂતનની પહેલી હિટ ફિલ્મ સાબિત થઈ. આ ફિલ્મના પ્રીમિયર વખતે એક રસપ્રદ કિસ્સો બન્યો હતો. તે દિવસોમાં શમ્મી કપૂર સાથે નૂતનની ખૂબ જ ગાઢ મિત્રતા હતી. જ્યારે તેઓ બંને આ ફિલ્મ જોવા થિયેટર પહોંચ્યા, ત્યારે નૂતનને અંદર જવા દેવામાં આવ્યા ન હતા કારણ કે ફિલ્મ 'એ' સર્ટિફિકેટ ધરાવતી હતી અને નૂતનની ઉંમર તે સમયે ઓછી હતી.

વર્ષ 1952માં તેમણે મિસ ઈન્ડિયા કોન્ટેસ્ટમાં ભાગ લીધો અને તેમને 'મિસ મસૂરી'નો તાજ પહેરાવવામાં આવ્યો. આ દરમિયાન શમ્મી કપૂર સાથેની તેમની નિકટતા વધતી જોઈને, તેમની માતા શોભના સમર્થ નહોતા ઈચ્છતા કે નૂતન અત્યારથી જ આ બધી બાબતોમાં ગૂંચવાય. તેથી 1953માં નૂતનને સ્વિટ્ઝર્લેન્ડની એક ફિનિશિંગ સ્કૂલમાં ભણવા માટે મોકલી દેવાયા. આ એક વર્ષના સમયગાળા દરમિયાન નૂતનમાં જબરદસ્ત શારીરિક અને માનસિક બદલાવ આવ્યો. તેમનું વજન વધ્યું, સ્વાસ્થ્ય સુધર્યું અને તેઓ વધુ આત્મવિશ્વાસુ તથા ગ્લેમરસ બનીને ભારત પરત ફર્યા.

વર્ષ 1955માં આવેલી ફિલ્મ 'સીમા' નૂતનના કરિયરનો ટર્નિંગ પોઈન્ટ સાબિત થઈ. આ ફિલ્મમાં તેમની અદભુત એક્ટિંગ માટે તેમને લાઈફનો પહેલો 'બેસ્ટ એક્ટ્રેસ' ફિલ્મફેર એવોર્ડ મળ્યો. સંગીતની ઊંડી સમજ હોવાને કારણે 'મનમોહના બડે ઝૂઠે' ગીતમાં તેમણે જે રીતે હાવભાવ આપ્યા, જાણે ખુદ લતા મંગેશકર નહીં પણ નૂતન પોતે જ ગાઈ રહ્યા હોય તેવું લાગતું હતું.

ત્યારબાદ 1957માં દેવ આનંદ સાથેની ફિલ્મ 'પેઈંગ ગેસ્ટ'માં તેમની કેમેસ્ટ્રી સુપરહિટ રહી. ગંભીર રોલ્સ કરવાની સાથે નૂતને કોમેડી ટાઈમિંગ પણ શાનદાર રીતે નિભાવ્યું, જે તેમણે કિશોર કુમાર સાથેની ફિલ્મ 'દિલ્હી કા ઠગ' (1958) માં સાબિત કર્યું. આ ફિલ્મમાં તેમણે સ્વિમિંગ કોસ્ચ્યુમ પહેરીને પોતાનો ગ્લેમરસ અવતાર પણ રજૂ કર્યો હતો.

જોકે, દિગ્દર્શક બિમલ રોયની ફિલ્મ 'સુજાતા' (1959) એ નૂતનને બોલિવૂડની સર્વોચ્ચ એક્ટ્રેસઓની હરોળમાં લાવીને ઉભા રાખી દીધા. આ ફિલ્મ માટે તેમને બીજો ફિલ્મફેર એવોર્ડ મળ્યો. નૂતનની સ્ક્રીન પ્રેઝન્સમાં ભારતીય નારીની જે સહજતા, સુંદરતા અને ગંભીરતા દેખાતી હતી, તેનાથી તેઓ દરેક પાત્રને અમર કરી દેતા હતા.

11 ઓક્ટોબર 1959ના રોજ નૂતને ઈન્ડિયન નેવીના લેફ્ટનન્ટ કમાન્ડર રજનીશ બહલ સાથે લગ્ન કર્યા.લગ્ન બાદ તેઓ થોડો સમય ફિલ્મોથી દૂર રહ્યા અને પુત્ર મોહનીશ બહલને જન્મ આપ્યો. પરંતુ તેમની એક્ટિંગ પ્રત્યેનો પ્રેમ ઓછો ન થયો અને તેમણે ફરીથી ફિલ્મોમાં એન્ટ્રી કરી. તેમના પતિ રજનીશ બહલે તેમના માટે 'સુરત ઔર સીરત' નામની ફિલ્મ ડાયરેક્ટ કરી, જેમાં તેમની સાથે તે સમયના ઉભરતા સ્ટાર ધર્મેન્દ્ર હતા.


વર્ષ 1963માં દેવ આનંદ સાથેની 'તેરે ઘર કે સામને' અને બિમલ રોયની ક્લાસિક ફિલ્મ 'બંદિની' રિલીઝ થઈ. 'બંદિની' ફિલ્મમાં કલ્યાણીના પાત્રને નૂતને જે જીવંતતા આપી તે આજે પણ હિન્દી સિનેમાના ઈતિહાસના બેસ્ટ એક્ટિંગ ગણાય છે.

આ ફિલ્મ માટે તેમને ત્રીજો ફિલ્મફેર એવોર્ડ મળ્યો. આ સિવાય સુનિલ દત્ત સાથેની ફિલ્મ 'મિલન' માટે તેમને ચોથો ફિલ્મફેર એવોર્ડ મળ્યો હતો.

70 અને 80ના દાયકામાં ઉંમર વધવાની સાથે નૂતને કેરેક્ટર રોલ્સ ભજવવાનું શરૂ કર્યું. વર્ષ 1978માં આવેલી ફિલ્મ 'મેં તુલસી તેરે આંગન કી' માટે તેમને મુખ્ય એક્ટર્સ તરીકેનો પાંચમો ફિલ્મફેર એવોર્ડ મળ્યો. ત્યારપછીના ગાળામાં તેમણે ફિલ્મોમાં માતાના રોલ્સ કરવાના શરૂ કર્યા અને વર્ષ 1985માં આવેલી ફિલ્મ 'મેરી જંગ'માં શાનદાર અભિનય માટે તેમને સપોર્ટિંગ રોલ માટે ફિલ્મફેર એવોર્ડ મળ્યો.

નૂતને પોતાના સમયના તમામ દિગ્ગજ કલાકારો જેવા કે દેવ આનંદ, રાજ કપૂર, શમ્મી કપૂર, સુનિલ દત્ત અને ધર્મેન્દ્ર સાથે કામ કર્યું હતું, પરંતુ દિલીપ કુમાર સાથે કામ કરવાની તેમની ઈચ્છા છેક સુધી અધૂરી રહી હતી, જે અંતે સુભાષ ઘઈની ફિલ્મ 'કર્મા' (1986) માં પૂરી થઈ, જેમાં તેમણે દિલીપ કુમારના પત્નીની ભૂમિકા ભજવી હતી. વર્ષ 1974માં ભારત સરકાર દ્વારા તેમને 'પદ્મશ્રી' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

નૂતને પોતાના જીવનકાળ દરમિયાન 90થી વધુ ફિલ્મોમાં કામ કર્યું. વર્ષ 1990માં તેમને બ્રેસ્ટ કેન્સર હોવાનું નિદાન થયું હતું. લાંબી માંદગી બાદ, 21 ફેબ્રુઆરી 1991ના રોજ મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં આ મહાન એક્ટ્રેસે અંતિમ શ્વાસ લીધા અને દુનિયાને અલવિદા કહી દીધું. ભલે આજે નૂતન આપણી વચ્ચે નથી, પરંતુ તેમની અવિસ્મરણીય ફિલ્મો અને ગ્રેસફુલ અદાકારી હંમેશા સિનેમાપ્રેમીઓના હૃદયમાં જીવંત રહેશે. ●



# ઘૂમર

## ...કે જેના રોયલ ડાન્સ પર કરોડો ઘૂમ્યા!

પરદે કે પીછે

**'ઘૂમર' એ માત્ર એક નૃત્ય નથી, પરંતુ રાજસ્થાનની રાજવી પરંપરા અને ગૌરવનું પ્રતીક છે. દીપિકા પાદુકોણે આ સોંગને સંપૂર્ણ ન્યાય આપવા માટે દિવસ-રાત એક કર્યા હતા**

બોલીવુડ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં સંજય લીલા ભણસાલી દિગ્દર્શિત ઐતિહાસિક ભવ્ય ફિલ્મ 'પદ્માવત'ના સૌથી ચર્ચિત અને મોંઘા સોંગ 'ઘૂમર' એ માત્ર એક સોંગ નથી, પરંતુ રાજપૂતી શાન, સંસ્કૃતિ અને ભવ્યતાનું પ્રતીક છે. આ સોંગ રાણી પદ્માવતી (દીપિકા પાદુકોણ) ના ચિત્તોડગઢના શાહી મહેલમાં પ્રવેશ અને પરંપરાગત રાજસ્થાની લોકનૃત્યને અદભૂત રીતે રજૂ કરે છે.

શ્રેયા ઘોષાલના મધુર અવાજ, ભારે કલાત્મક દાગીના, ભવ્ય સેટ અને દીપિકાના મનમોહક નૃત્ય ભાવોએ આ સોંગને ભારતીય સિનેમાના ઈતિહાસમાં અમર બનાવી દીધું છે. તે રાજસ્થાની વિરાસત અને શાહી વૈભવની એક અવિસ્મરણીય ઝાંખી કરાવે છે.

રાજવી ભવ્યતા અને અદભુત સમર્પણ: 'પદ્માવત' ના 'ઘૂમર' સોંગના શૂટિંગમાં સંજય લીલા ભણસાલી ભારતીય સિનેમાના એક એવા દિગ્દર્શક છે જેઓ પડદા પર ભવ્યતા અને સંસ્કૃતિને જીવંત કરવા માટે જાણીતા છે. વર્ષ 2018 માં રિલીઝ થયેલી તેમની મેગ્નમ ઓપસ ફિલ્મ 'પદ્માવત' એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. આ ફિલ્મનું સૌથી મોટું આકર્ષણ તેનું સોંગ 'ઘૂમર' હતું. રાણી પદ્મિની બનેલી દીપિકા પાદુકોણ પર ફિલ્માવાયેલું આ સોંગ માત્ર વિઝ્યુઅલ ટ્રીટ નહોતું, પરંતુ તેની પાછળ એક્ટ્રેસ્સ અને ક્રૂની કલાકોની સખત મહેનત, કરોડોનો ખર્ચ અને કેટલાક રોમાંચક કિસ્સાઓ છુપાયેલા છે. બોલિવૂડના આ સૌથી મોંઘા અને યાદગાર સોંગ્સમાના એક એવા 'ઘૂમર' એ માત્ર એક નૃત્ય નથી, પરંતુ રાજસ્થાનની રાજવી પરંપરા અને ગૌરવનું પ્રતીક છે. દીપિકા પાદુકોણે આ સોંગને સંપૂર્ણ ન્યાય આપવા માટે દિવસ-રાત એક કર્યા હતા.

જ્યોતિ ડી તોમર પાસેથી કડક તાલીમ દીપિકાએ આ પરંપરાગત નૃત્ય શીખ્યું . શૂટિંગ શરૂ થતાં પહેલાં દીપિકાએ લગભગ દોઢ મહિના સુધી દરરોજ કલાકો સુધી ઘૂમરના સ્ટેપ્સ અને રાજવી અંગભંગિઓ (પોસ્ચર) ની પ્રેક્ટિસ કરી હતી. સંજય લીલા ભણસાલી નૃત્યમાં કોઈ પણ પ્રકારની કમી રાખવા માગતા નહોતા. તેઓ પોતે ક્લાસિકલ મ્યુઝિક અને ડાન્સના શોખીન હોવાથી, દીપિકાની દરેક નાની મૂવમેન્ટ અને નજરના હાવભાવ પર ઝીણવટભરી નજર રાખતા હતા. આ સોંગની સૌથી ચર્ચિત બાબત દીપિકાનો હેવી રાજવી પોશાક હતો. પ્રખ્યાત ડિઝાઈનર રીમ્પલ અને હરપ્રીત નરુલા દ્વારા તૈયાર કરાયેલો આ લહેંગો કોઈ સામાન્ય પોશાક નહોતો.

દીપિકાએ જે લહેંગો પહેર્યો હતો તેનું વજન અંદાજે ૩૦ કિલોગ્રામ હતું. આ ઉપરાંત તેના પર વાસ્તવિક સોનાના તારથી ભરતકામ (ગોટા પત્તી વર્ક) કરવામાં આવ્યું હતું. લહેંગાની સાથે દીપિકાએ જે પરંપરાગત રાજપૂતી જ્વેલરી પહેરી હતી, તેનું વજન પણ ઘણું વધારે હતું. ૩૦ કિલોના લહેંગા અને ભારે દાગીના સાથે સતત ગોળ-ગોળ ફરવું (સ્પીન કરવું) એ શારીરિક રીતે અત્યંત થકવી નાખનારું હતું. દીપિકાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે આ શૂટિંગ દરમિયાન તેના પગમાં ફોલ્લા પડી ગયા હતા અને પીઠમાં અસહ્ય દુખાવો થતો હતો, તેમ છતાં તેણે મોં પર સ્મિત સાથે શૂટિંગ ચાલુ રાખ્યું હતું.

'ઘૂમર' સોંગ માટે મુંબઈના મહેબૂબ સ્ટુડિયોમાં આખેઆખો ચિત્તોડગઢ કિલ્લાનો આંતરિક ભાગ (ઈન્ટિરિયર) ફરીથી ઊભો કરવામાં આવ્યો હતો. આ ભવ્ય સેટ તૈયાર કરવા માટે આશરે ૧૦૦ થી વધુ કારીગરોએ સતત ૪૦ દિવસ સુધી કામ કર્યું હતું. કિલ્લાની દીવાલો પર અસલી રાજસ્થાની શૈલીના પેઈન્ટિંગ્સ બનાવવામાં આવ્યા હતા. સોંગમાં રોયલ લુક આપવા માટે ડિજિટલ લાઈટ્સને બદલે હજારો અસલી દીવાઓ (દિયા) નો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેના કારણે સેટ પર ગરમીનું પ્રમાણ ખૂબ વધી ગયું હતું. આ સેટ પાછળ કરોડો રૂપિયાનો ધુમાડો કરવામાં આવ્યો હતો.

'મેં મારા કરિયરમાં ઘણા ડાન્સ કર્યા છે, પરંતુ 'ઘૂમર' નું શૂટિંગ મારા જીવનનું સૌથી મુશ્કેલ અને અદભુત શૂટિંગ હતું. જ્યારે હું સેટ પર રાણી પદ્મિનીના વેશમાં ગઈ, ત્યારે મને અંદરથી એક અલગ જ શક્તિનો અહેસાસ થયો હતો.' દીપિકા કહે છે. ઘૂમર નૃત્યની ખાસિયત તેની ઝડપી સ્પીન એટલે કે ગોળ ચક્કર લેવાની શૈલી છે. આ સોંગના એક સીન માટે દીપિકાએ સતત ગોળ ફરવાનું હતું. કેમેરામેન અને ડિરેક્ટરને પરફેક્ટ શૉટ જોઈતો હતો. રિટેક દરમિયાન દીપિકાએ ભારે લહેંગા સાથે ૬૬ થી વધુ વખત ગોળ ચક્કર લીધા હતા. ચક્કર આવવાને કારણે દીપિકા સેટ પર જ બેસી પડી હતી, પરંતુ તેણે હિંમત હારી નહીં. તેની આ પ્રોફેશનલિઝમ જોઈને આખો સેટ તાળીઓથી ગૂંજી ઉઠ્યો હતો.

શૂટિંગ પૂર્ણ થયા પછી પણ આ સોંગ વિવાદોથી બચી શક્યું નહીં. જ્યારે સોંગનું ટ્રેલર રિલીઝ થયું ત્યારે કેટલાક રૂઢિચુસ્ત સંગઠનોએ વિરોધ કર્યો કે રાજપૂત રાણીઓ ક્યારેય આ રીતે સાર્વજનિક નૃત્ય નહોતી કરતી અને સોંગમાં રાણી પદ્મિનીની કમર (મિડ્રિફ) દેખાતી હોવા સામે આપત્તિ ઉઠાવી હતી. આ વિવાદને શાંત કરવા માટે, સંજય લીલા ભણસાલીએ સોંગને ફરીથી શૂટ કરવાને બદલે અત્યાધુનિક VFX (કમ્પ્યુટર ગ્રાફિક્સ) નો ઉપયોગ કર્યો. ડિજિટલી દીપિકાની કમરને લહેંગાના કપડાથી ઢાંકી દેવામાં આવી, જે બોલિવૂડના ઈતિહાસમાં ટેકનોલોજીનો એક અનોખો પ્રયોગ હતો. આ VFX પાછળ પણ લાખોનો અતિરિક્ત ખર્ચ થયો હતો. ●